BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# હિમાયતી પ્રયાસો, સરકારી ભાગીદારીઓ અને અતિરિક્ત અવક સ્ત્રોતો મારફત સિટી ઊભું કરે છે બ્રૅમ્પટન માટે ઉજ્જવળ ભવિષ્ય

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (09 જુલાઈ 2020) – સરકારના તમામ સ્તરો સહ કાર્ય કરીને સિટી ઓફ બ્રૅમ્પટન વિકાસ અને ટકાઉપણાની પહેલો માટે હિમાયતી પ્રયાસો કરવા પ્રતિબદ્ધ છે જેનાથી રહેવાસીઓને લાભ થાય અને સ્થાનિક ધોરણે પરિવર્તન આણી શકાય. આરોગ્ય સંભાળ, પોસ્ટ સેકન્ડરી શિક્ષણ, પરિવહન અને આર્થિક પુનઃપ્રાપ્તિમાં રહેલ તકો પર ધ્યાન કેન્દ્રિત કરીને સિટીએ ફેડરલ અને પ્રોવિંશ્યલ પ્રશાસન તરફથી નોંધપાત્ર અનુદાન અને યોગદાન પ્રાપ્ત કર્યા છે, જે બ્રૅમ્પટન માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવાના વધારાના આવક સ્ત્રોતો મેળવવાની પ્રક્રિયા છે.

## ફેડરલ અને પ્રોવિંશ્યલ અનુદાન નીધિયન અને યોગદાન

2019થી ફેડરલ અને પ્રોવિંશ્યલ પ્રશાસન તરફથી સિટી માટે કુલ $66,71,95,952 જેવા માતબર નીધિયન જાહેરાત અને યોગદાન જાહેર કરાયા છે, જે 2011 થી અત્યાર સુધીની અગાઉની ટર્મ ઓફ કાઉન્સિલો કરતા 232 ટકાનો વધારો છે. આ પૈકી, આશરે 137.8 મિલિયનનું ભંડોળ મહામારી સામેના જવાબરૂપે COVID-19 રિસ્ટાર્ટ એન્ડ રિકવરી માટે છે. 2019થી અત્યાર સુધી સિટી માટે અનુદાનના ભંડોળની રકમ જે COVID-19 સંબંધિત નથી તે કુલ $52,93,14,465 જેટલી છે.

કૅનેડા અને ઓન્ટારિયો સરકાર સાથે કાર્ય કરીને સિટીએ 2019થી અત્યાર સુધીમાં સફળતાપૂર્વક હિમાયત કરીને અનુદાન અને યોગદાન મેળવ્યા છે.

- **રિવરવૉક** – નવેમ્બર 2020માં, જાહેર કરાયું હતું કે સિટી $38 મિલિયન કરતા વધુ રકમ ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં પૂર નિયંત્રણ માટે પ્રાપ્ત કરશે, જેથી સિટી તેમની રિવરવૉક પરિયોજના સાકાર કરવા તરફ એક પગલું આગળ વધશે. આપત્તિ નિવારણ અને અનુકૂલન ભંડોળ (Disaster Mitigation and Adaptation Fund)ના નિયમો અને શરતો હેઠળ પરિયોજનાની સફળ સમીક્ષા થઈ ગયા બાદ કૅનેડા સરકાર દ્વારા ડાઉનટાઉન બ્રૅમ્પટન ફ્લડ પ્રોટેક્શન પ્રોજેક્ટની સિટીની અરજીને મંજૂર કરવામાં આવી હતી.
- **પીલ મેમોરિયલનો તબક્કો II** – માર્ચ 2021માં, પ્રોવિંશ્યલ સરકારે જાહેર કર્યું કે તેમના અંદાજપત્રના ભાગરૂપે તેઓ વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમના પીલ મેમોરિયલ સેન્ટર ફોર ઈન્ટિગ્રેટેડ હેલ્થ એન્ડ વેલનેસના વિસ્તાર માટે ભંડોળ પૂરું પાડશે જ્યાં એક નવું હૉસ્પિટલ ઊભું થશે તેમજ રાયરસન યુનિવર્સિટી સાથે બ્રૅમ્પટનની ભાગીદારીમાં તબીબી શિક્ષણ માટેની નવી સંસ્થાના વિકાસ માટે નાણાકીય સમર્થન પૂરું પાડવામાં આવશે.
- **પોસ્ટસેકન્ડરી** – માર્ચ 2021માં, સિટીએ બ્રૅમ્પટનમાં પ્રોવિંસની વધુ વિસ્તૃત પોસ્ટસેકન્ડરી તકોની જાહેરાતને આવકારી હતી જેમાં રાયરસન યુનિવર્સિટી ખાતે મેડિકલ ઈન્સ્ટિટ્યુટનો સમાવેશ થાય છે. જુલાઈ 7ની સભામાં બ્રૅમ્પટન સિટી કાઉન્સિલે $1 મિલિયનના

આયોજન અનુદાનને સ્કૂલ ઓફ્ મેડિસિન ઊભી કરવા માટે બહુમતે પસાર કર્યું હતું. 16 જૂન 2021ના રોજ સિટી અને યુનિવર્સિટી ઓફ્ ગેલ્ફ્-હમ્બર દ્વારા તેમના તે ઈરાદાની પુષ્ટિ કરવામાં આવી કે સેંટર ફોર ઈનોવેશનમાં ઍંકર ટેનન્ટ એટલેકે કે સૌથી મોટા અને જાણીતા ભાડુઆત તરીકે તેમની શૈક્ષણિક સંસ્થા બ્રૅમ્પટન ખાતે ખસેડવામાં આવશે.

- **ત્રીજી બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ સવલત** – એપ્રિલ, 2021માં, બ્રૅમ્પટ્ને ત્રીજી બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ સવલત માટે $128 મિલિયનનું ફેડરલ અને પ્રોવિંશ્યલ નિવેશ પ્રાપ્ત કર્યું. The construction of this new facility will improve the capacity, quality, and safety of public transit infrastructure for Brampton, and allow for the future installation of infrastructure to service electric buses, creating cleaner and more efficient transportation methods for residents
- બ્રૅમ્પટન, ઓન્ટારિયો (29 જુલાઈ 2019) – આજે મેયર પેટ્રિક બ્રાઉને (Mayor Patrick Brown) બ્રૅમ્પટન સીટી કાઉન્સિલ વતી બ્રૅમ્પટનમાં સીમાચિહ્નરૂપ ગણાતા પૅન-કૅનેડિયન ઈલેક્ટ્રિક બસ ડેમોન્સ્ટ્રેશન એન્ડ ઈન્ટિગ્રેશન ટ્રાયલમાં ગવર્નમેન્ટ ઓફ્ કૅનેડાનાં નોંધપાત્ર નિવેશનું સ્વાગત કર્યું. સિટીએ પાયલોટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે $11.15 મિલિયનનું ભંડોળ બ્રૅમ્પટન ખાતેની બેટરી ઈલેક્ટ્રિક બસોના પરીક્ષણ માટે મેળવ્યું.

**પ્રાયોજન**

માર્ચ 2019માં બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે આખા શહેરની પ્રાયોજન વ્યુહરચના અને અદ્યતન કરેલ પ્રાયોજન અને નામકરણ અધિકાર નીતિ સ્વીકારી જે શહેરના નામકરણ અધિકારોના વેચાણ માટેની સવલતોની ટૂંકી સૂચિને મંજૂરી આપી હતી તેનો જ ભાગ છે. આખા શહેરના પ્રાયોજન તથા નામકરણ અધિકારોનો પ્રોગ્રામ વ્યવસાયો માટે એવી વિશિષ્ટપણે બનાવેલ તકો ઓફર કરે છે જેથી તેઓ સમાજ સાથે જોડાઇ શકે અને રહેવાસીઓ માટે એક ઉન્નત અનુભવ ઊભો કરી શકે.

નાણાકીય દબાણો વધતા જાય છે ત્યારે સિટી બ્રૅમ્પટનના કરદાતાઓ પર થતા પ્રભાવને લઘુત્તમ કરવા પ્રતિબદ્ધ છે અને સાથે જ રહેવાસીઓને ઉચ્ચતમ જીવન ગુણવત્તા પ્રદાન કરવા માંગે છે. સપ્ટેમ્બર 2020માં બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે $25,12,500 ની કિંમતે બ્રૅમ્પટન સૉકર સેંટરના બાહ્ય નામકરણ અધિકારો માટે 15-વર્ષના સિટી ઓફ્ બ્રૅમ્પટન અને સેવ મૅક્સ રિઅલ એસ્ટેટ ઈન્ક (Save Max Real Estate Inc) વચ્ચે થયેલ કરારનામાનેમંજૂરી આપી હતી.

આખા શહેરની પ્રાયોજન વ્યુહરચના અને અદ્યતન કરેલ પ્રાયોજન અને નામકરણ અધિકાર નીતિ સ્વીકારી ત્યારથી સિટીએ કુલ $3.7 મિલિયન જેટલી આવકને પ્રાયોજન અને નામકરણ અધિકારો પેટે અંતિમ રૂપ આપ્યું હતું જેથી રહેવાસીઓને વધુ સેવા આપવા સાથે સંલગ્ન વધતા જતા ખર્ચને થોડો ઘણો સમાવી શકાય.

**સુવાક્યો**

"આરોગ્ય સંભાળ, ટ્રાન્ઝિટ અને આર્થિક આર્થિક પુનઃપ્રાપ્તિમાં રહેલ અવકાશ ભરી લેવા માટે સમયસર નિવેશ અને સરકારના તમામ સ્તરે સહયોગ વધારવાની આવશ્યકતા COVID-19ની મહામારીને કારણે બિલકુલ અનિવાર્ય બની ગઈ છે. આ ટર્મ ઓફ્ કાઉન્સિલ દરમિયાન

આપણા રહેવાસીઓ માટે હિમાયત કરવા માટે સિટીએ જે કાર્ય કર્યું છે તેનો મને ગર્વ છે અને હું ફેડરલ અને પ્રોવિંશ્યલ સરકારને તમની ભાગીદારી માટે આભાર વ્યક્ત કરું છું. સાથે મળી આપણે બ્રૅમ્પટન માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવાનું ચાલું રાખીશું."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"સિટી ખાતે અમે નોંધપાત્ર સ્થાનિક રોકાણ અને ભાગીદારીઓ મારફતે બ્રૅમ્પટનવાસીઓના જીવનમાં સુધારા લાવવા માટે સમર્પિત છીએ. જ્યારે સાથે મળીને આપણે બ્રૅમ્પટનને નવપલ્લવિત કરી રહ્યા છીએ ત્યારે અમે આપણા ફેડરલ, પ્રોવિંશ્યલ અને ધંધાદારી ભાગીદારો સાથે અમે સહયોગ ચાલુ રાખવા ઉત્સુક છીએ.

*- ડેવિડ બારિક, ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ઼ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફ઼ળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca